**Yugprabhav**

**Edition:** Vadodara | **Date:** 13th February, 2013 | **Page No.:** 02

# વીસીસીઆઈ પ્રદર્શન તા. ૧૪મીથી શરૂ થશે

વડોદરા,તા. ૧૩ :

વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (વીસીસીઆઈ) દ્વારા આગામી તા.૧૪થી૧૮મી ફેબ્રુઆરી દરમ્યાન વાઈબ્રન્ટ વીસીસીઆઈ-૨૦૧૩ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ૧૦૦ થી વધુ કંપનીઓ ભાગ લઈ રહી છે. જેના ૪૫૦ જેટલા પ્રતિનિધિઓ હાજર રહેશે. આ પ્રદર્શન ૮ હજાર જોબ વેકેન્સી જનરેટ કરી શકશે. તેવી અમને આશા છે. વિવિધ સેકટર માટે ૬ હજાર ઈન્ટરવ્યુ કરવા પ્રદર્શની દ્વારા શક્ય બનશે. તેમ ચેરમેન નિલેશ શુકલએ યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.